કેન્દ્રીયકૃત સ્નાતક અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે તથા કેન્દ્રીયકૃત ભરતી પરીક્ષાઓની પૂર્વ તૈયારી માટે PPP મોડમાં કોચીંગ સેન્ટર શરૂ કરવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ SCW /૧૦૧૪/ન.બા.૭૬/ગ
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૮/૮/૨૦૧૪

વંચાણે લીધાઃ-

(૧) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ નો તા.૧૫-૫-૨૦૧૪ નો પત્ર ક્રમાંકઃ અજાક-ગ.૧/૧/૨૦૧૪-૧૫/૬૭૪૪-૪૫.

ઠ રા વઃ-

અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ યુ.પી.એસ.સી./ સ્ટેટ કમિશન / બેંક / એલ.આઇ.સી. / આઇ.આઇ.ટી. / આઇ.આઇ.એમ./ નીફટ / એનએલયુ / સેપ્ટ જેવી કેન્દ્રીયકૃત ભરતી પરીક્ષાઓની તૈયારી માટે કોચીંગ આપવામાં આવે તો અનુ.જાતિના ગરીબ વિદ્યાર્થીઓ આવી પરીક્ષાઓ પાસ કરી ઉચ્ચ કારકિર્દી બનાવી શકે આ માટે નિયામકશ્રી(અજાક) કચેરીના તા.૧૫-૫-૨૦૧૪ ના વંચાણે લીધા ક્રઃ(૧) ના પત્રથી રૂ.૧૫.૦૦ લાખની નવી બાબતો વર્ષ ૨૦૧૪-૧૫ ના અંદાજપત્રમાં સમાવેશ કરવા માટે દરખાસ્ત કરવામાં આવેલ છે. આ નવી બાબતને વહીવટી મંજૂરી આપવાની બાબત સરકારની વિચારણા હેઠળ હતી.

કેન્દ્રીયકૃત સ્નાતક અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે તથા કેન્દ્રીયકૃત ભરતી પરીક્ષાઓની પૂર્વ તૈયારી માટે PPP મોડમાં કોચીંગ સેન્ટર શરૂ કરવા બાબતની રૂ.૧૫.૦૦ લાખની નવી બાબતને નીચેની શરતોને આધીન વહીવટી મંજૂરી આપવાનું આપવાનું ઠરાવવામાં આવે છે.

શરતોઃ

(૧) આઇ.આઇ.એમ./નિફટ/સેપ્ટ વગેરે જેવી ઓલ ઇન્ડિયા લેવલની પરીક્ષાઓ માટેજ આ તાલીમનુ આયોજન કરવાનું રહેશે.

(૨) ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ૭૦ ટકા કે તેથી વધુ ગુણ મેળવનાર વિદ્યાર્થીઓનેજ આ તાલીમમાં આવરી લેવાના રહેશે.

(૩) રીઝલ્ટબેઝ ક્રાયરેટીયા નિયત કરી સંસ્થાઓની પસંદગી કરી સંસ્થાઓ ઇમ્પેનલ કરવાની રહેશે.

(૪) તાલીમાર્થી દીઠ રૂ.૨૦,૦૦૦/- (અંકે રુપિયા વીસ હજાર પુરા) ની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

(૫) આ વર્ગ ચાલતા હોય ત્યા SC/ST/OBC સિવાયની જરૂરિયાતવાળી આર્થિક પછાતવર્ગ (વાર્ષિક રૂ.૪.૫ લાખથી ઓછી આવકવાળા) કુટુંબની કન્યાઓને જેતે ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ૮૦ ટકા ગુણ મેળવેલ હોય તેને પણ પ્રવેશ આપી શકાશે.

(૬) આ અંગેનો ખર્ચ જે તે વર્ષની બજેટ જોગવાઇ અને નાણા વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૭) પ્રસ્તુત દરખાસ્ત સંદર્ભે પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ તથા જરૂરીયાત પ્રમાણે આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત બજેટ જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૮) આ અંગેનુ ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો વખતના લાગુ પડતા ઠરાવો / પરિપત્રો અને જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

(૯) આ મંજૂરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનું પાલન કરવાનું રહેશે

(૧૦) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૧૧) આ યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનુ રહેશે.

(૧૨) પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

આ અંગેનો ખર્ચ માંગણી નં.૯૫- અનુસૂચિત જાતિ પેટા યોજના, મુખ્ય સદર- ૨૨૨૫- અનુ.જાતિઓ, આદિજાતિઓ અને અન્ય પછાતવર્ગોનું કલ્યાણ, પેટા મુખ્ય સદર – ૦૧ – અનુ.જાતિઓનું કલ્યાણ, ગૌણ સદર-૨૭૭- શિક્ષણ, પેટા સદર- (૩૧) – બીસીકે-૭- સ્નાતક કક્ષાના પ્રવેશ માટે તથા કેન્દ્રયકૃત ભરતી પરીક્ષાઓ માટે PPP મોડમાં કોચીંગ સેન્ટરો શરૂ કરવા બજેટ હેડ હેઠળ થયેલ જોગવાઇમાંથી મેળવવાનું તેમજ ઉધારવાનું રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં વિભાગની તા.૨૩-૬-૨૦૧૪ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( દિપલ હડીયલ )

સેકશન અધિકારી,

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,

માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

માન.મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

એકાઉન્ટન્ટ જનરલ અમદાવાદ /રાજકોટ

નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર

નાણાં સલાહકારશ્રી(સા.ન્યા), સચિવાલય, ગાંધીનગર

સર્વે જીલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રી, (નિયામકશ્રી(અજાક)મારફત)

સર્વે જીલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી(પંચાયત) (નિયામકશ્રી(અજાક)મારફત)

સર્વે જીલ્લા તિજોરી અધિકારીશ્રી, (નિયામકશ્રી(અજાક)મારફત)

બજેટ શાખા, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર

સેકશન અધિકારશ્રી(કોમ્પ્યુટર સેલ) સા.ન્યા. અને અ.વિ., વિભાગની વેબસાઇટ ઉપર મૂકવા વિનંતી સહ.

પસંદગી ફાઇલ.